# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૧૧/૦૯/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરમાં 'સ્મોલ મિરેકલ્સ કોઈન્સીડન્સીઝ' પુસ્તકનો રસાસ્વાદ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લાઈબ્રેરી કમિટિ દ્વારા "બુક લવર્સ ફોરમ" અંતર્ગત જાણીતા શિક્ષણવિદ અને લેખિકા શ્રીમતી આશાબેન મર્ચન્ટે 'Small Miracle Coincidences' નામક પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ મુખ્ય વકતા શ્રીમતી આશાબેન મર્ચન્ટનું સ્વાગત કરી આવકારતા કહયું હતું કે,ચેમ્બર વ્યાપાર–ઉદ્યોગની પ્રવૃત્તિ ઉપરાંત લાઈબ્રેરીની પ્રવૃત્તિમાં પણ રસ લઈ રહી છે અને લાઈબ્રેરીની વિશેષ પ્રવૃત્તિ તરીકે' બુક લવર્સ ફોરમ' અંતર્ગત વિવિધ વિષયોના પુસ્તકોનો રસાસ્વાદ માણી શકાય છે. જે ઘરમાં પુસ્તકને સ્થાન છે એ ઘરમાં સંસ્કાર હોય છે.

ચેમ્બરની એકેડેમિક કોર્સિઝ કમિટિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ મહેતાએ 'બુક લવર્સ ફોરમ'ની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં કહયું કે,સામાન્ય રીતે ચેમ્બરમાં બિઝનેસને લગતાં પુસ્તકોની ચર્ચા થતી હોય છે,પરંતુ આજે અલગ વિષયના પુસ્તકનો રસાસ્વાદ શ્રીમતી આશાબેન મર્ચન્ટ કરાવશે. ચેમ્બરના ભુ.પૂ.પ્રમુખ અને સાર્વજનિક એજયુકેશન સમિતીના ચેરમેનશ્રી રજનીકાન્ત મારફતિયાએ વકતાનો પરિચય આપ્યો હતો.

–૨

શ્રીમતી આશાબેન મર્ચન્ટે કહયું હતું કે,હું સામાન્ય વ્યકિત જ છું.મને વાંચનનો શોખ મારા પિતાજી પાસેથી વારસામાં મળ્યો છે. મેં ઘણાં અંગ્રેજી લેખકોને વાંચ્યા છે.એ બધા લોકપ્રિય લેખકો છે,પરંતું આજે જે પુસ્તકની વાત કરવી છે એ એટલું જાણીતું નથી. એ પુસ્તકમાં જે કિસ્સાઓ છે એ સત્યઘટના પર આધારિત અને દિલને સ્પર્શનારા હોવાથી મને એ ખૂબ જ ગમ્યું છે.'સ્મોલ મિરેકલ્સ કોઈન્સીડન્સીઝ' પુસ્તકની લેખિકાઓ યિટા હોલ્બર્સ્ટન અને જુડિથ લેવન્થાલ જયુઈશ હતી. જીવનમાં આકાર લેતી કેટલીક ઘટનાઓ માત્ર જોગાનુજોગ કે ઈત્તિફાક નથી હોતી પરંતું ભગવાને સર્જેલા નાના નાના ચમત્કારો જ છે,જેનું આલેખન તેમણે આ પુસ્તકમાં કર્યું છે.તેમણે પુસ્તકમાંથી કેટલાંક રસપ્રદ અને યાદગાર નિવડે એવા કિસ્સાઓ રજૂ કરીને પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો. જેમાં રસ્તે પસાર થતો એક માણસ અચાનક કોઈ મહિલાની મદદ માટેની બૂમ સાંભળીને થોડી અવઢવ બાદ મદદ માટે પહોંચે છે,મહિલાને બચાવી લે છે અને જયારે એને ઘરે જવા કહે છે ત્યારે પેલી મહિલા એને ઓળખી જાય છે. એ એના પિતા હોય છે.આને ચમત્કાર જ ગણાય.એ રીતે જ મતભેદને કારણે જુદા થઈ ગયેલા પિતા–પુત્રનો કિસ્સો પણ ચમત્કાર જેવો જ હતો.આવા અનેક કિસ્સાઓથી ભરેલું પુસ્તક વાચકને જકડી રાખે એવું છે,એમ જણાવી તેમણે છેલ્લે જે કિસ્સો રજૂ કર્યો તેમાં વિશ્વભરમાં જાણીતા બનેલા'ટાઈટેનિક'જહાજની દુર્ઘટના બની એના ૧૪ વર્ષ અગાઉ એક લેખકે લખેલી કાલ્પનિક નવલકથાનો ઉલ્લેખ હતો. લેખકની કથામાં જહાજનું નામ ટાઈટન હોય છે,અકસ્માત એપ્રિલ માસમાં થાય છે અને એ પણ હિમશીલા સાથે ટકરાવાથી જ થાય છે. આ કિસ્સો પણ ચમત્કાર જેવો જ લાગે છે. તેમણે પોતાના જીવનમાં બનેલા એવા જ કિસ્સાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને શ્રોતાઓ સાથે આવા કિસ્સાઓની ચર્ચા પણ કરી હતી.

કાર્યક્રમના અંતે લાઈબ્રેરી કમિટિના શ્રીમતી ભવાનીબેન મહેતાએ આભારવિધિ આટોપી હતી.